## ગુજરાત યુનિવર્સિટીના
# ૬૮મા પદવીદાન સમારોહમાં વિદ્યાર્થીઓને પદવી એનાયત






ગાંધીનગર,તા. ૨૯
ગુજરાત યુનિવર્સિટીનો ૬૮મો પદવીદાન સમારોહ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને ગુજરાત યુનિવર્સિટીના સેનેટ હોલમાં યોજવામાં આવ્યો હતો.

આ પદવીદાન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ભારત સરકારના સંરક્ષણ મંત્રાલયના સંશોધન અને વિકાસ વિભાગના સચિવ અને ડિફેન્સ રિચર્સ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)ના ચેરમેન ડો.સતીષ રેડ્ડી ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા પણ આ અવસરે વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત યુનિવર્સિટીના ૬૮માં પદવીદાન સમારોહમાં કુલ ૪૫,૨૯૪ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. જેમાં વાણિજય વિદ્યાશાખાના ૨૩,૭૬૫, વિનયન વિદ્યાશાખાના ૮,૬૦૦, વિજ્ઞાન શાખાના ૫,૯૫૧, શિક્ષણ વિદ્યાશાખાના ૨,૯૪૮, તબીબી વિદ્યાશાખાના ૧,૭૪૦, કાયદા વિદ્યાશાખાના ૧,૫૩૭, દંત વિજ્ઞાન વિદ્યાશાખાના ૫૨૦, ઈજનેરી વિદ્યાશાખાના ૨૩૨ અને ફાર્મસી વિદ્યાશાખાના ૧ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે કહ્યું કે, દુનિયામાં હંમેશા પરિશ્રમ અને મહેનત કરનારાઓ સફળ થયા છે. ત્યારે પદવી મેળવનાર વિદ્યાર્થીઓએ પોતાના જ્ઞાનનો ઉપયોગ કરી પોતાનું જીવન સાર્થક કરવા સાથે દેશના વિકાસમાં યોગદાન આપવું જોઈએ.

તેમણે પદવી મેળવનાર વિદ્યાર્થીઓને સંબોધન કરતા જણાવ્યું કે, વિદ્યાર્થીઓએ પોતે જે ક્ષેત્રમાં કાર્યરત થવાના છે તેમાં યુનિવર્સિટીમાંથી મેળવેલા જ્ઞાનનો ઉપયોગ કરવાની શીખ આપી હતી. રાજ્યપાલે વધુમાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ સત્યનો માર્ગ ક્યારેય ન છોડવો જોઈએ. આ સાથે પુસ્તકોનો હંમેશા સંગ રાખવાનો આગ્રહ વિદ્યાર્થીઓએ રાખવો જોઈએ. કેમ કે પુસ્તકોમાંથી આપણે જીવનના દરેક પડાવ પર માર્ગદર્શન મળતું રહે છે. ભારત સરકારના સંરક્ષણ મંત્રાલયના સંશોધન અને વિકાસ વિભાગના સચિવ શ્રી ડો.સતીષ રેડ્ડીએ જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટીમાં શિક્ષણની સાથે-સાથે વિદ્યાર્થીઓને શિક્ષણમાં ઉપયોગી તમામ પ્રકારની ટેક્નોલોજીની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે, જેનો વિદ્યાર્થીઓએ મહત્તમ ઉપયોગ કરવો જોઈએ.

તેમણે વધુમાં કહ્યું કે, આજે ટેક્નોલોજીના ક્ષેત્રમાં વિદ્યાર્થીઓ માટે ખુબ તકો રહેલી છે. આજે સ્ટાર્ટઅપની પણ ખૂબ જ ડિમાન્ડ છે, ત્યારે વિદ્યાર્થીઓએ સ્ટાર્ટઅપ ક્ષેત્રમાં પોતાનું જ્ઞાન રોકી શ્રેષ્ઠ વળતર મેળવી શકે છે. રાજ્યના શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ડિગ્રી મેળવીને હવે પોતાના વ્યવસાયિક જીવનની કેરિયર શરૂ કરવા પદાર્પણ કરી રહેલા યુવાનોને માર્ગદર્શન આપતા જણાવ્યું કે, યુવાશક્તિના સામર્થ્ય અને શક્તિના ઉપયોગ દ્વારા વડાપ્રધાનશ્રીએ શ્રેષ્ઠ ભારત-એક ભારતનું સ્વપ્ન સાકાર કરવા માટે પ્રતિબદ્ધ બનવા હાકલ કરી હતી. શિક્ષણમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે આજના સ્પર્ધાના યુગમાં યુવાઓએ સ્પર્ધાને બદલે એકમેકના સહકાર અને તાલમેલ પર કેન્દ્રિત કરવો જોઈએ. આજે દરેક ક્ષેત્રમાં વિદ્યાર્થીઓ માટે ખૂબ મોટી તકો રહેલી છે. વિદ્યાર્થીઓએ એ તકનો ઉપયોગ કરીને પોતાની કારકિર્દી બનાવી દેશના વિકાસમાં ફાળો આપવો જોઈએ.

આ પ્રસંગે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો. હિમાશું પંડ્યા, ઉપકુલપતિ ડો. જગદીશ ભાવસાર, યુનિવર્સિટી કોર્ટના સભ્યો, પ્રોફેસર્સ તેમજ મેડલ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી



ભવ્ય
ચેતનકુમાર પ્રજાપતિ
મો. ૯૮૯૮૫ ૫૯૧૫૬



રુદ્ર
નયનકુમાર રત્નાકર
મો. ૯૯૯૮૬ ૯૦૫૬૫



વિહાન
મિહિરભાઈ ભટ્ટ
મો. ૯૯૯૮૧ ૮૦૪૭૨

# ભોળાભાઈ પટેલ બી.સી.એ. કૉલેજમાં મોબાઈલ એપ્લીકેશન ડેવલપમેન્ટ વિષય પર સર્ટિફિકેટ કોર્સ યોજાયો




ગાંધીનગર, તા. ૨૯
કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ, બીસીએ કોલેજમાં મોબાઈલ એપ્લીકેશન ડેવલપમેન્ટ વિષય પર ૩૦ કલાકના એક સર્ટિફિકેટ કોર્સનું આયોજન કરવામાં આવ્યું હતું. કડી સર્વ વિશ્વવિદ્યાલયની બીસીએ કોલેજ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ છે. કોઈપણ યુનિવર્સિટિમાં અભ્યાસક્રમની સાથે સાથે રોજે રોજ થતાં ડેવલપમેંટથી વિદ્યાર્થીઓને માહિતી સભર બનાવવા આવા સર્ટિફિકેટ કોર્સ અત્યંત જરૂરી છે, આ અનુસંધાને ચાલુ વર્ષના આ પ્રથમ સર્ટિફિકેટ કોર્સ અંગે માહિતી આપતા કોલેજના ડાયરેક્ટર ડો. સંજય શાહ જણાવે છે કે આ ટેક્નોલૉજી વડે વિદ્યાર્થી પોતાના ઉજ્જવળ ભવિષ્ય માટે તથા આવડત દ્વારા મલ્ટી નેશનલ કંપનીમાં પોતાનું ભવિષ્ય સુરક્ષિત કરી શકે છે. તે માટે આ પ્રકારના સર્ટિફિકેટ કોર્સનું આયોજન કરવામાં આવે છે.

આ કોર્સમાં કુલ ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, આ કોર્સ અંતર્ગત વિદ્યાર્થીઓએ એન્ડરોઈડ મોબાઈલ એપ્લિકેશનના વિવિધ પાસાઓનો વિગતે અભ્યાસ કર્યો હતો. આ અંતર્ગત તેઓએ લૉગિન ફોર્મ, ડેટાબેસ કનેક્ટિવિટી, ક્વેરી, વેલિડેશન વગેરેની માહિતી પ્રાપ્ત કરી હતી. આ કોર્સમાં વિષય નિષ્ણાત તરીકે શ્રી કેદાર પરમાર અને શ્રી કાર્તિક પ્રજાપતિ એ પોતાની સેવાઓ આપી હતી. આ સમગ્ર કોર્સનું સફળ સંચાલન કોલેજના પ્રાધ્યાપક ડો. રિચા મહેતા, ડો. નિધિ દિવેચા, પ્રો. પલક પટેલ, પ્રો. પ્રિયંકા શાહ, પ્રો. પુજા જોશી અને પ્રો. કેતન સાળુંકે દ્વારા કોલેજના ડીરેક્ટર તથા કડી યુનિવર્સીટીના કોમ્પ્યુટર કર્યું હતું.

# સોજા હાઈસ્કૂલના ઉપક્રમે 'બાપુ અમારી શાળામાં' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯
ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની લબ્ધ પ્રતિષ્ઠિત



શૈક્ષણિક સંસ્થા 'શેઠ એચ. એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજા ના પવિત્ર પટાંગણમાં આજ રોજ 'બાપુ અમારી શાળામાં' કાર્યક્રમ યોજાયો હતો. સમુદાય સંપર્ક અભિયાન અંતર્ગત ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતિ નિમિત્તે આયોજિત સદર કાર્યક્રમમાં ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન (IITE), ગાંધીનગર તરફથી વૈશાલી પટેલ (સિસ્ટમ મેનેજર) અને સચીનભાઈ ઊન્દ્રે (સહાયક અધ્યાપક -રસાયણ શાસ્ત્ર) તેઓની તાલીમાર્થી બહેનો સાથે ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના વિચારો વિશે વ્યાખ્યાનમાળા અને ગમ્મત સાથે જ્ઞાનનું આયોજન કરવામાં આવ્યું હતું. 'બાપુ મારામાં જીવે છે' વિષય અંતર્ગત યોજાયેલા વકતવ્યમાં મહેમાનશ્રીઓ અને સારસ્વત મિત્રોએ પોતાના વિચારો-મંતવ્યો-અભિપ્રાયો-સૂચનો રજૂ કર્યા હતા. ગાંધી વિચારમાં અનુસ્નાતક પદવી ધરાવતા અને તત્વચિંતક શિક્ષણવિદ્ એવા ગણિત-વિજ્ઞાન શિક્ષકશ્રી રાકેશ પ્રજાપતિ એ 'સાંપ્રત સમયમાં ગાંધી વિચારની પ્રસ્તુતતા-આવશ્યકતા' વિશે પ્રકાશ પાડ્યો હતો.



સમગ્ર કાર્યક્રમ એકંદરે ખૂબ જ સુંદર, સુચારુ, સુવ્યવસ્થિત, સરાહનીય, રોમાંચક, રસપ્રદ, રોચક, પ્રભાવી, પ્રોત્સાહક, પ્રશંસનીય, પ્રેરણાદાયક, અનુકરણીય, આવકાર્ય અને અભિપ્રેરક બની રહ્યો હતો એમ એક અખબારી યાદીમાં શાળાના આચાર્ય ભાવેશભાઈ જોષી જણાવ્યું હતું.

## આરાધના વિદ્યાવિહાર ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી



ગાંધીનગર, તા. ૨૯
આરાધના વિદ્યાવિહાર ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. અતિથિ વિશેષ અને ધ્વજપ્રમુખ તરીકે ગાં.મ.પા.ના કોર્પોરેટર શ્રીમતી હર્ષાબા ધાંધલના હસ્તે ધ્વજ ફરકાવી સલામી આપી હતી. હર્ષાબા ધાંધલે વકતવ્યમાં વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિના મૂલ્યો જાળવવા અને સ્વચ્છતાના સંકલ્પ માટે પ્રેરક સંદેશો આપ્યો હતો. શાળાના સંચાલક રમણભાઈ પટેલ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. શાળાના વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા હતા. પ્રખર જ્યોતિષિ અંબાલાલભાઈ પટેલની પ્રેરક હાજરી રહી હતી. અંતે રાષ્ટ્રગીત ગાઈ પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# પી.કે. ચૌધરી મહિલા કૉલેજમાં સલાડ મેકિંગ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર,તા. ૨૯
શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કૉલેજના હોમસાયન્સ વિભાગ દ્વારા સલાડ મેકિંગ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીનીઓએ વિવિધ પ્રકારના ફળ અને શાકભાજીનો ઉપયોગ કરીને કારવિંગ, કલર કોમ્બીનેશન તથા ન્યુટ્રીશીયન જેવા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને સુંદર સલાડ પ્લેટ્સ તૈયાર કરી હતી.




સ્પર્ધાના નિર્ણાયક તરીકે ગાંધીનગરના જાણીતા સૅફ કનિનીકા મહેતા ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધામાં પ્રથમ વિજેતા શ્રુતિ શેલત, દ્વિતીય સોની નીધિ, તૃતીય પટેલ હેમાંગિની તથા મકવાણા જયોતિ જયારે વ્યાસ હેતલ પ્રોત્સાહક તરીકે વિજેતા બન્યા હતા. કૉલેજના આચાર્ય ડૉ. એમ. એમ. ચૌધરીએ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હોમસાયન્સ અધ્યક્ષ પ્રા. પ્રતિમા છનિયારા, ડૉ. હેમાંગીની વાઘેલા, પ્રા. તારાબેન દેસાઈ તથા શ્રીમતી મનિષા ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

# શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યુટ ઓફ લૉમાં 'કોર્ટ પ્રોસેડિંગ' વિષય પર સેમિનાર યોજાયો



ગાંધીનગર,તા. ૨૯
બાપુ ગુજરાત નોલેજ વિલેજ સંચાલિત 'શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ લૉ' માં કોર્ટમાં ચાલતી દૈનિક પ્રવુતિઓ અને કોર્ટમાં કેસ દાખલ કરવાની અને કેસ દરમિયાન કયા કયા નીતિ-નિયમોનું પાલન થતું હોય છે, આ બધી જ પ્રક્રિયાઓનું પ્રેક્ટિકલ જ્ઞાન મેળવવાના હેતુથી કોર્ટ પ્રોસેડિંગ વિષય પર લૉ કોલેજ માં એક દિવસીય સેમિનાર યોજાયો હતો. આ એક દિવસીય સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે શ્રી વિપુલભાઈ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા અને તેઓશ્રીએ તેઓના બહોળા અનુભવનો નિચોડ કોર્ટ અંગેની અલગ-અલગ માહિતીની ચર્ચા લૉ કોલેજના વિધ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રો સાથે ઊંડાણપૂર્વક કરી હતી.

સમગ્ર કાર્યક્રમનુ આયોજન લૉ કોલેજના પ્રિન્સિપાલ ભૂમિકા જાની મેડમે કર્યું હતું. જયારે સંચાલન લૉ કોલેજના સમગ્ર સ્ટાફ મિત્રોએ સાથે મળીને કર્યું હતું.

# દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર ખાતે રમતોત્સવનું આયોજન

ગાંધીનગર,તા. ૨૯
શાળાના પ્રાથમિક અને માધ્યમિક વિભાગનો રમતોત્સવ ગત સપ્તાહે યોજાઈ ગયો. આ રમતોત્સવનાં અતિથિ તરીકે એક્સ. ફિફા રેફ્રી અને ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોશિએશનનાં જનરલ સેક્રેટરી શ્રી ગુલાબસિંહ ચૌહાણ, ગુજરાત સ્ટેટ અન્ડર-૨૩ ક્રીકેટ પ્લેયર અને શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્મિત પટેલ તથા રાષ્ટ્રીય કક્ષાની સ્કેટીંગ પ્લેયર અને શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની સોનાંશી પટેલ ઉપસ્થિત રહ્યા હતા.



આ રમતોત્સવમાં ૪ X ૧૦૦ રીલે, ૧૦૦ મીટર, ૨૦૦ મીટર રનિંગ, ડોજ બોલ, બેકવર્ડ રનિંગ, લીંબુ-ચમચો, રસ્સા-ખેંચ, કોથળા દોડ, કબડ્ડી, વોલીબોલ, હર્ડલ રેસ વગેરે રમતોનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમા શાળાનાં આશરે ૧૦૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આટલા વિશાળ રમતોત્સવને સફળતાપૂર્વક પાર પાડવા માટે આચાર્ય અતનુ રથે વ્યાયામ-શિક્ષકોને અભિનંદન પાઠવ્યાં હતા. વિદ્યાર્થીઓને પણ ખેલદિલીની ભાવના વિકસાવવા તથા શારીરિક અને માનસિક વિકાસ માટે જીવનમાં રમતનું ખૂબ મહત્વ છે, તે સમજાવ્યું હતું.

# આત્માની, સ્વમાનની રક્ષા માટે અહિંસાની જરુર છે



પ્રસંગસર
સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

ભારતની સ્વતંત્રતા, ગૌરવ, કલ્યાણ અને પ્રગતિ માટે લડી પોતાની જાન આપનાર મહાત્મા ગાંધીના નિર્વાણદિન ૩૦ જાન્યુઆરીને શહીદ દિવસ તરીકે



મનાવવામાં આવે છે. સાદગી, અહિંસા, શ્રમનું ગૌરવ અને માનવતાનું પળેપળ પાલન કરતા ગાંધીજી પોતે મહાત્મા હતા પણ તોય મનુષ્ય હતા. તેમણે આ વિચારોને જીવનમૂલ્યો સમજી તે મુજબનું જીવન જીવી બતાવ્યું. અહિંસાના આ પુજારીની ૧૯૪૮ના આજના દિવસે બિરલા હાઉસ ખાતે સાંજની પ્રાર્થના સમયે ગોળી મારી હત્યા કરવામાં આવી હતી. ગાંધીજી 'હે રામ'ના છેલ્લા ઉચ્ચારણ સાથે ત્યાંને ત્યાં ઢળી પડેલા. જે શસ્ત્ર વડે ગાંધીજીએ ભારતને આઝાદી અપાવી તે સત્ય અને અહિંસાને ગાંધીજી પોતાનો ધર્મ માનતા હતા.

પતંજલિએ અહિંસાને વ્યાખ્યાયિત કરતાં કીધું કેઃ "તત્ સંનિધ્યોઃ વૈરત્યાગઃ"- અહિંસાના સાનિધ્યમાં આવનારને કોઈ જાતની વેરભાવના રહેતી નથી. ગાંધીજીએ પણ કીધું કે અહિંસા એ પ્રચંડ શસ્ત્રો કરતાં પણ વધી જાય તેવી મનુષ્યજાતિની પાસે પડેલી પ્રબળ શક્તિ છે. જેમ હિંસાની તાલીમ લેવા મારતાં શીખવું પડે છે તેમ અહિંસાની તાલીમ આત્મસાત કરવા મરતાં શીખવું પડે છે. બહારના ભયથી બચવા હિંસાની જરૂર છે જ્યારે આત્માની, સ્વમાનની રક્ષા માટે અહિંસાની જરુર છે. અહિંસા ભયમુક્ત છે. અહિંસાનો ઉપાસક અપરિગ્રહી હોવો જોઇયે. જમીન જાય, ધન જાય, શરીર જાય તેની તેને દરકાર ન હોવી જોઇયે. અહિંસા એ સર્વદેશીય સિદ્ધાંત છે. તેને ભૌગોલિક સીમાડા નડતા નથી.

જૈનોએ જેને મહાવ્રત કહયા તેવા સત્ય, અહિંસા,અભય અને સાધન શુધ્ધિથી ગાંધીજીના હદયના ચાર ભાગો પૂર્ણ હતાં. સત્ય, અહિંસા અને આંતરરાષ્ટ્રીય શાંતિ વિશે ગાંધીજીએ પોતાના વૈશ્વિક વિચારો રજુ કર્યા. તે મુજબ રાષ્ટ્રોની અંગભૂત વ્યક્તિઓમાં પરસ્પર આદરભાવ હોય છે તેથી જ તે રાષ્ટ્રો સુઘટિત બને છે. આત્મા, કુટુંબ, દેશ અને જગત એ ચાર પ્રત્યે જુદા જુદા ધર્મ નથી. રાષ્ટ્રનો કાયદો એ કુટુંબના કાયદા જેવો જ છે. અને તે જ રીતે તે વિશ્વના ફલક પર વ્યાપી શકે છે. ગાંધીજી કહેતા હતા કે 'હું કેવળ માનવ નામથી ઓળખાતાં પ્રાણીઓ સાથે જ નહીં, ધરતી પર સળવળતાં ક્ષુદ્ર જંતુઓ સાથે પણ મારું તાદાત્મ્ય યા મારી એકતા સાધવા ચાહું છું.' રાષ્ટ્રવાદ હકીકતરૂપ બનાવવા માટે માણસે પહેલા રાષ્ટ્રવાદી બનવું પડે છે. અને આવા જુદા જુદા દેશના રાષ્ટ્રવાદી લોકો સંગઠિત થઈ એક વ્યક્તિની પેઠે કાર્ય કરે ત્યારે આંતરરાષ્ટ્રીયવાદ શક્ય બને. રાષ્ટ્રની સેવા કરતાં કરતાં જગતની સેવાના સિદ્ધાંતને સ્વીકારીયે તો જગતમાં શાંતિ સ્થપાશે. હાલમાં, સંકુચિતત, સ્વાર્થીવૃત્તિ તેમજ બીજાને ભોગે લાભ મેળવવાને તથા તેના વિનાશ દ્વારા પોતાનો ઉત્કર્ષ સાધવા માગે છે.

માણસ જેટલો સ્વાવલંબી છે તેટલો જ પરાવલંબી છે. જો તે પરાવલંબી ન હોય તેવી સ્થિતિમાં આવી જાય તો તે મહા અહંકારી બની જાય છે. સમાજનો આશ્રય કે પરાવલંબી તે માણસને નમ્ર બનાવે છે. સમાજમાં રહેતા માણસને કુટુંબના આશરા વગર ચાલી ન શકે અને તેથી આગળ જઈને વાત કરીએ તો પડોશી અને પછી રાષ્ટ્ર વગર પણ ન ચાલે. 'વસુધા માત્ર કુટુંબ છે' એ મહાવાક્ય આ ઉપરથી આવ્યું. ગાંધીજી એ કીધું કે 'રાજયે નિર્માણ કરેલી સરહદોને પેલે પારના આપણા પાડોશીઓને આપણી સેવા આપવાને કશી સીમા નથી. ઈશ્વરે કદી પણ એવી સરહદો સરજી નથી.' ગાંધીજી ભારત-પાકિસ્તાનની વહેંચણીને " બે ભાઈઓ વચ્ચેનીએ વહેંચણી કહેતા હતા. એક જ કુટુંબના ફરજંદો, ધર્મપલટાને કારણે એકબીજાથી અસંતુષ્ટ બનીને, જુદાં થઈ શકે છે, પણ આખી દુનીયાની નજરનું જુદા પડવાનું ન હોય."

ગાંધીજીનો અસહકાર અંગ્રેજો કે પશ્ચિમ સાથે નહોતો. ઈગ્લેંડને તેઓ હરાવવા કે તેની માનહાનિ કરવા નહોતા માગતાં. તેમના પ્રત્યે સહાનુભૂતિ હતી. પણ તેમનો વિરોધ અંગ્રેજોએ દાખલ કરેલ રાક્ષસી લોભ અને નબળી પ્રજાને લૂંટવાના, ગરીબોને મારવાના કાયદાઓ, શરતો-પ્રથા સામે હતો. સેંટ પૉલના દેવળને થયેલ ઈજાને કારણે થયેલા દુઃખને તેઓએ કાશી વિશ્વનાથ કે જુમા મસ્જિદને નુકશાન થાય અને જેટલું દુઃખ થાય તેટલા દુઃખ સાથે સરખાવતાં પોતાનો જીવ અર્પણ કરીને પણ આ ધર્મસ્થાનોની રક્ષા કરવા કીધું.

ગાંધીજી કહેતા કે 'જગતમાં સ્થાયી શાંતિ સ્થાપવી અશક્ય છે એમ માનવું મનુષ્યસ્વભાવમાં દૈવી અંશ નથી એમ માનવા બરોબર છે...(પણ) સાચી દાનતનો અભાવ છે.' જગતના મહારાજ્યો પોતાના સામ્રાજ્યવાદી મનોરથ છોડી પોતાની પાસે જે સંહારના સાધનો હોય તેનો ઉપયોગ અને આત્મઘાતી હરિફાઇ છોડી દે તો કાયમી શાંતિ સ્થપાયા વગર રહે નહીં. શસ્ત્રસંન્યાસ, અહિંસાના સિદ્ધાંતનો બિનશરતી સ્વિકાર, સત્યનું આચરણ, પડોશીની સેવા, માનવતા, આદરભાવ, નૈતિકતા, 'યથા પિંડે તથા બ્રહ્માંડે'નો ન્યાય, મૈત્રી, ન્યાયનો સિદ્ધાંત જેવા સાધુમય વિચારો દ્વારા રાષ્ટ્રો સુઘટીત બને.

(મો.) ૯૪૨૮૨ ૧૯૦૩૧